# India supplies next batch of humanitarian assistance to Afghanistan

January 01, 2022

# ભારતે અફઘાનિસ્તાનને માનવીય સહાયનો નવો જથ્થો પૂરો પાડ્યો

જાન્યુઆરી 01, 2022

ભારતે આજે અફઘાનિસ્તાનને કોવિડની રસી (કોવેક્સિન) ના 500,000 ડોઝ સાથે માનવતાવાદી સહાયની આગલી બેચ સપ્લાય કરી છે. આ રસીઓ કાબૂલ સ્થિત ઈન્દિરા ગાંધી હોસ્પિટલને સોંપવામાં આવી હતી.

આગામી સપ્તાહમાં વધારાના 5,00,000 ડોઝનો આગામી જથ્થો પૂરો પાડવામાં આવશે.

ભારત સરકારે અફઘાનિસ્તાનના લોકોને માનવતાવાદી સહાય પૂરી પાડવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે જેમાં અનાજ, કોવિડ રસીના 10 લાખ ડોઝ અને જીવનરક્ષક દવાઓનો સમાવેશ થાય છે.

ગયા મહિનાની શરૂઆતમાં ભારતે વિશ્વ આરોગ્ય સંસ્થા (હુ) મારફત અફઘાનિસ્તાનને 1.6 ટન તબીબી સહાય પહોંચાડી હતી. આગામી અઠવાડિયામાં અમે ઘઉંનો પુરવઠો અને બાકીની તબીબી સહાય હાથ ધરશું. આ સંદર્ભે, અમે પરિવહન માટેની પદ્ધતિઓને અંતિમ સ્વરૂપ આપવા માટે યુએન એજન્સીઓ અને અન્ય લોકો સાથે સંપર્કમાં છીએ.

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 01, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.